# ઈમામ તૈયેબ (અ.સ.) નો ઝમાનએ સતર અને યમની દોઆત

૨૧ માં ફાતેમી તાજદાર અઈમ્મતે મહદીયીનનાં ખુલાસા ઈમામ તૈયેબ (અ.સ.) ના સતર થયા બાદ બનુ ફાતેમામાં ઈમામતની નિયાબત અને કાઈમ મકામી નો દૌર ઘણો સખત, આઝમાઈશવાલો, મઝહબી બૈદારીનો તેમજ અફકારો અકાઈદના તલાતુમ-ઝૈરો ઝબરીનો દૌર હતો. એક તરફ શામ, ફલસ્તીન અને લુબ્નાનની પહાડીઓમાં **"દરૂઝ"** કબીલાઓ ઈમામની ઈલાહીયત અને ઈમામને જ ખુદા માનવાના ખોખલા અકીદાઓની સચ્ચાઈ સાબિત કરવા ઝઝુમી રહ્યા હતા, તો બીજી તરફ શામ અને ઈરાનનાં કિલ્લાઓમાં **"નઝારીઓ"** ઈમામતના સિલસિલાને મોતઅલ્લિક તશવીશમાં હતા. એક તરફ શીઆ **"ઇસ્નાઅશરી"** નો મઝહબે ફિક્ર રાખનારાઓ પોતાના બારમાં ઈમામની પરદાપૌશી અને તે બાદ ઈમામતનાં કાઈમ હોવાની દલીલ વાસ્તે તરહ તરહનાં હીલાઓ અને ફોર્મ્યુલાઓ મૂકી રહ્યા હતા અને બીજી તરફ અબ્દુલ મજીદ મિસરીઓ **"મજીદી"** ફિરકાની બુનિયાદો તાસીસ મુકીને ઈસ્માઈલી તૈયેબી સિલસિલએ ઈમામતને દાગદાર બનાવવાની પૈરવી શુરૂ કીધી હતી. આ સાથે સાથે ૧૮માં ફાતેમી તાજદાર ઈમામ મુસ્તન્સિર બિલ્લાહ (અ.સ.) એ યમનમાં જેને હુજ્જતે ફાઝેલા બનાવા હતા, તે મૌલાતના હુર્રતુલ મલેકા (ક.રૂ.) એ પોતાના ઈન્તેકાલ પુર મલાલ પહેલા હિ.૫૩૨ માં ઈમામે મસ્તૂરની દાઅવતની હિફાઝત અને હિમાયત વાસ્તે **"દાઇયુલ મુત્લક"** નો સિલસિલો જારી કીધો હતો અને સૈયદના ઝોએબ બિન મૂસા (ક.રૂ.) ને તૈયેબી દૌરનાં પહેલા દાઈ મુકર્રર કીધા હતા. આ હંગામમાં ઝૈદી હુકૂમતની પહોંચ યમનનાં ગૌશે ગૌશામાં ફેલાએલી હતી અને હર ઈલાકા પર મઝબૂત પકડ હતી. યમનનાં કબીલાઓનાં સરદારોએ પોત-પોતાના ઈલાકાઓમાં કિલ્લાઓ બનાવીને મકામી હુકૂમતની અસાસ મૂકી હતી અને તૈયેબી દૌરની ઈમામતના સિલસિલાની દાઅવતના શુરૂઆતનાં **યમની દોઆત-હોદાત**ની મૌજૂદગીને ચેલેન્જ કરવા અને તહેસ-નહેસ કરવા હર મુમ્કિન કોશિશ કરવા પર આમાદા થયા હતા અને જંગોની શુરૂઆત થઈ ચુકી હતી.

આ મઝહબી અને સિયાસી સરગરમીઓમાં **"દાઅવતે હાદીયાહ મહદીયાહ"** ની તબ્લીગો દવામ અને સચ્ચાઈ તેમજ હક્કાનીયતનાં સુબૂત વાસ્તે યમનની સુલૈહી હુકૂમતનાં ખાતેમા અને ઝવાલનાં ઝખ્મ તાઝા હોય, ઈસ્લામ અને ઈમાનનાં અરકાનની હમેશગી સાથે આલે મોહંમદ (અ.સ.) અને મઝહબે અહલે બૈત (અ.સ.) ના વતીરા તેમજ સુન્નતો અકાઈદ તરફ લોગોને બોલાવીને એના પાબંદ કરવા એ એક ઘણોજ મુશ્કિલ અને જદ્દો જેહદનો અમર હતો. ઈસ્માઈલી અને ગૈર ઈસ્માઈલી અકીદાના આલીમો અને ફકીહો ઈમામ તૈયેબ (અ.સ.) ના ઈસ્તેતાર (સતર થાવું) અને સિલસિલએ ઈમામતનાં મુતઅલ્લિક ખોટી, બેજા અને લગ્વ ગુફતગૂ કરતા હતા અને આલે મોહંમદ (સ.અ.વ.વ.) ની હસબી-નસબી અસલીયત, સુલાહીયત અને તહારતનાં બારામાં તોહમતઅંદાઝી અને બોહતાનદેહીના કામ સિવાય તેઓનો કોઈ બીજો શૈવો ન્હોતો. **આ તરહ અકસર અકવામ માઅસીયત પર સવાર થઇ ચૂકા હતા; કુરઆને કરીમની આયતોની પોતાની ગરઝ અને હવાનફસીથી તાવીલો તફસીર કરતા હતા.** હર નઝદીકના લોગોએ દૂરી ઈખ્તિયાર કીધી અને ટોલાઓમાં વહેંચાઈ ગયા. લોગોના મઆશેરાને અફરાતફરી અને અકીદાના બહેસ મુબાહેસામાં ચીરે ચીરા કરી નાખા. આ હાલતમાં અલ્લાહતઆલાએ જેને નૈક તૌફીક આપી અને દોઆતે હક્કના ઈસ્મતના સાયાને માતહત જેનો તહફ્ફુઝ કીધો એ લોગો ઈમ્તેહાનના સખ્ત તરીન દૌરમાં સબ્ર કરીને કામિયાબ થયા અને **"દીને હક્ક"** ની પરચમો ફરકાવવા લાગા. આ અકીદતમંદોમાં એવા પણ જાઁબાઝો હતા કે, અલ્લાહ અને એના વલીની તાઅત સિવાય એ લોગોનો કોઈ શૈવો ન હતો. ઝમાનાના કુફ્રો ઝલાલતની પરવાહ કીધા બગૈર આ લોગોએ હક્કના દાઈની યાવરી કીધી અને પોતાના મબ્દા વલ મઆદની હકીકતને જાણી. તે સબબ અલ્લાહતઆલાની રેહમત એના પર નાઝિલ થઈ અને વક્તની મુશ્કિલો આફતો દૂર થઈ અને દાઅવતે હાદીયાહની રૂશ્દો હિદાયતની બરકાતે ખુલ્દીયાહ એના પર આમ થઈ.

યમનના દોઆતે મુત્લકીન (આ.કુ.) એ **"ઇસ્માઇલી અને તૈયબી દાઅવત"** ના અસ્લો ઊસૂલના પાયાને વસીઅ અને મઝબૂત કીધો. ઈમામના ઝુહૂરના વક્તમાં મકામે ઈમામી લોગોની નઝરને સામે હોય, બાઝ શરીઅતના ખુલાસા ઈમામની સીધી હિદાયતથી થઈ જાતા હતા. પણ ઈમામના સતરના ઝમાનમાં આ ભારી ઝિમ્મેદારી નીભાવવાનો બેડો દોઆતે કિરામએ ઉઠાવો અને ઈમામી ઝુહૂરના દોઆતની કિતાબોની તસ્નીફાત અને તાલીફાતને ઝિયાદહ કુશાદા અને આસાન તૌર પર સમઝ સાથે કિતાબોની શિકલમાં પૈશ કીધી જેનાથી દાઅવતે હક્કના બાઝ રાઝો નિયાઝના ફલસફા અને ઈમામતના દરજાને લગતી પૈચીદગીઓનો હલ મીલી શકે. હાસિલે કલામ મુમેનીનએ અલ્લાહતઆલાનો શુક્ર અને એહસાન માનવું જોઈએ કે, હમને આ હકીકી દાઅવતના મોઅતકેદીન બનાવીને હરમે આમિનમાં શામિલ કીધા અને તેના વાસ્તાથી હમને આખેરતમાં કુદસના કાંઠા પર વસાવે. ★